# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-07-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Thuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામીણ સ્વસહાય જૂથ અને સખીમંડળોને ધિરાણની પ્રક્રિયા વેગવાન બનાવવા સહકારી બૅન્કોને અનુરોધ કર્યો
2. ઉદ્યોગ રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યું, રાજ્યના અગરિયાઓને સશક્ત બનાવવાની કામગીરી વધુ ઝડપી બનાવાશે
3. સમયસર GST રિટર્ન ભરવામાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે
4. રાજ્યભરમાં ત્રણ હજાર 243 ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયકોને આજે નિમણૂકપત્ર અપાયા
5. રાજ્યના 103 તાલુકામાં મેઘમહેર, દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં આવતીકાલે ભારે વરસાદની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GRAMIN SAKHI MANDAL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામીણ સ્વસહાય જૂથ અને સખીમંડળોને લૉન—ધિરાણ આપવાની પ્રક્રિયાને વેગવાન બનાવવા સહકારી બૅન્કોને અનુરોધ કર્યો. ગાંધીનગરમાં આજે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા અભિયાન હેઠળ લૉન સહાય કામગીરીની સહકારી બૅન્કોના અધ્યક્ષો સાથે સમીક્ષા કરતા શ્રી પટેલે આ વાત કહી. તેમણે સહકારી બૅન્કોને જિલ્લા સ્તરે કૅમ્પ યોજવા તેમજ દર ત્રણ મહિને સમીક્ષા બેઠક યોજવા દિશા-નિર્દેશ પણ આપ્યા. પ્રસ્તુત છે એક અહેવાલ.

**(વૉઈસકાસ્ટઃ પ્રવેશ અડિએચા)**

*(....રાજ્યમાં હાલમાં બે લાખ 84 હજાર જેટલા સ્વસહાય જૂથ કાર્યરત્ છે. 2025-26 વર્ષમાં 88 હજાર 200 સહાય જૂથને એક હજાર 240 કરોડ રૂપિયાની લૉન-ધિરાણ આપવાના લક્ષ્યાંક સામે અત્યાર સુધી 13 હજાર જૂથને ધિરાણ અપાયું છે. આ સ્વસહાય જૂથોને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન- N.R.L.M હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વધુને વધુ 20 લાખ સુધીનું ધિરાણ આપવાની જોગવાઈઓ છે. ગુજરાત લાઈવલિ પ્રમોશન કંપની ગ્રામીણ સ્વ સહાય જૂથોને લોન -ધિરાણ મેળવવામાં મદદ કરે છે.*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ)*

. . . . . . . . . . .

# SALT COMMITTEE MEETING

ઉદ્યોગ રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ અગરિયાઓના ઉત્કર્ષ અને હિત માટે રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું. ગાંધીનગરમાં આજે સૉલ્ટ ઍમ્પાવર્ડ કમિટીની બેઠકની અધ્યક્ષતા કરતાં શ્રી વિશ્વકર્માએ આ વાત કહી. દરમિયાન તેમણે મીઠાનું ઉત્પાદન કરતા ઉદ્યોગો, અગરિયાઓ સાથે સંકળાયેલા વિવિધ સંગઠન અને હિતધારકોની રજૂઆતો સાંભળી.

આગામી સમયમાં સકારાત્મક આયોજન હાથ ધરી, અગરિયાઓના ઉત્થાન માટેની સહાય યોજનાઓ દ્વારા અગરિયાઓને સશક્ત બનાવવાની કામગીરી વધુ વેગવાન બનાવાશે, તેમ પણ શ્રી વિશ્વકર્માએ ઉમેર્યું. બેઠકમાં વિવિધ યોજનાના અમલીકરણની સમીક્ષા અને નવી યોજનાઓના ઘડતર અંગે પણ ચર્ચા કરવામાં આવી.

. . . . . . . . . . .

# GST GUJARAT

વસ્તુ અને સેવા કર- GSTએ રાજ્યને વધુ પારદર્શક, કાર્યક્ષમ અને ગતિશીલ અર્થતંત્ર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સત્તાવાર યાદી મુજબ, રાજ્યમાં GST લાગુ થયા બાદ કરદાતાઓની સંખ્યામાં 145 ટકાનો વધારો નોંધાયો છે. ગત આઠ વર્ષમાં કરદાતાઓની સંખ્યા વધીને 12 હજાર 66 લાખને વટાવી ગઈ છે. સાંભળીએ એક અહેવાલ.

*(...આઠ વર્ષ પહેલા GST લાગુ થયો ત્યારે રાજ્યમાં 5 લાખ 15 હજારથી વધુ કરદાતા હતા, જેની સામે આજે વર્ષ 2024-25માં કરદાતાઓની સંખ્યા બમણાથી વધુ થઈ છે. નોંધાયેલા કરદાતાઓની સંખ્યાની દ્રષ્ટિએ ગુજરાત આજે દેશમાં ત્રીજા સ્થાને છે. વર્ષ 2024-25 દરમિયાન રાજ્યને GSTથી એક લાખ 36 હજાર 748 કરોડ રૂપિયાની આવક થઈ છે. મુખ્ય કામગીરી સૂચકાંકો એટલે કે, કી પર્ફોર્મન્સ ઈન્ડિકેટર્સ K.P.I.માં ગુજરાતે 71.69 પોઈન્ટ સાથે સમગ્ર દેશમાં બીજો ક્રમાંક મેળવ્યો. ઉપરાંત સમયસર GSTR થ્રીબી અને GSTR-વન રિટર્ન ભરવામાં પણ ગુજરાત દેશમાં પ્રથમ રહ્યું છે.)*

. . . . . . . . . . .

# SIKSHAN SAHAYAK GNR

શિક્ષણ મંત્રી ડૉક્ટર કુબેર ડિંડોરે કહ્યું, શિક્ષક એ કોઈ પદ કે પ્રતિષ્ઠા નહીં, પણ જવાબદારી છે. ગાંધીનગર જિલ્લાના કુલ 90 શિક્ષણ સહાયકોને નિમણૂકપત્ર એનાયત કરતાં આજે શ્રી ડિંડોરે આ વાત કહી. તેમણે નવનિયુક્ત શિક્ષણ સહાયકોને અભિનંદન પણ પાઠવ્યા. શિક્ષણ વિભાગ થકી ઑનલાઈન અને પારદર્શક ભરતી દ્વારા દરેક ઉમેદવારોને સમાન ન્યાય મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું પણ શ્રી ડિંડોરે ઉમેર્યું.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા બિન-સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા 2025 હેઠળ ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યભરમાં

કુલ ત્રણ હજાર 243 ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયકોને આજે નિમણૂકપત્ર વિતરણ કરાયા.

. . . . . . . . . . .

## APPOITMENT LETTER OVERALL

રાજ્યમાં વિવિધ જિલ્લામાં આજે નવનિયુક્ત શિક્ષણ સહાયકોને નિમણૂકપત્ર  એનાયત કરાયા.

ખેડા જિલ્લાની 110 ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આજે 217 નવા શિક્ષક મળ્યા. નડિઆદ ખાતે શિક્ષણ સહાયક ભલામણપત્ર-નિમણૂક પત્ર વિતરણ કાર્યક્રમમાં શિક્ષકોને નિમણૂકપત્ર અપાયા. આ પ્રસંગે ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણે શિક્ષકોને શુભેચ્છાઓ પાઠવી. તેમણે શિક્ષણ પદ્ધતિ, કેળવણી, સમાજજીવન જેવા મહત્વના વિષયો પર વાત કરી.

પંચમહાલના ગોધરા ખાતે રાજ્યસભા સાંસદ ડૉક્ટર જસવંતસિંહ પરમારની અધ્યક્ષતામાં નિમણૂક હુકમ વિતરણ કાર્યક્રમ યોજાયો. દરમિયાન અનુદાનિત શાળાઓના ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં 154 શિક્ષણ સહાયકનો નિમણૂક હુકમ અપાયા છે.

. . . . . . . . . .

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# I KHYEDUT PORTAL - MAHESANA

ખેડૂતની કલ્યાણલક્ષી યોજનાના લાભ માટે શરૂ કરાયેલું આઈ ખેડૂત પોર્ટલ આગામી 19 તારીખ સુધી ખુલ્લુ મૂકાયું છે. ખેડૂતો ikhedut.gujarat.gov.in પર નોંધણી કર્યા બાદ લાભ મેળવવા ઓનલાઇન અરજી કરી શકશે, તેમ મહેસાણા જિલ્લા નાયબ નિયામક બાગાયત એન.વી.પટેલે જણાવ્યું....

(બાઇટ : એન.વી. પટેલ)

. . . . . . . . . . .

# KISAN NIDHI HAPTO

ભારત સરકાર દ્વારા ખેડૂતો માટે ટૂંક સમયમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના આગામી 20મો હપ્તો જાહેર કરાશે. આ હપ્તો મેળવવા ખેડૂત આઈડી એટલે કે, ફાર્મર રજિસ્ટ્રી કરાવવી ફરજિયાત રહેશે. બાકી રહેલા ખેડૂતોએ યોજનાનો લાભ મેળવવા ઝડપથી ફાર્મર રજિસ્ટ્રીમાં નોંધણી કરાવવા ખેતી નિયામક કચેરીની યાદીમાં જણાવાયું છે.

ખેડૂતોએ નોંધણી કરાવવા ગામના તલાટી કમ મંત્રી અથવા ગ્રામસેવકનો સંપર્ક કરવાનો રહેશે. ઉપરાંત તેઓ જાતે ઘરેથી મોબાઈલ ઍપ્લિકેશનથી પણ નોંધણી કરી શકે છે. તેમજ સમાન સેવા કેન્દ્ર-CSC અથવા ગ્રામ પંચાયતમાં કૉમ્પ્યુટર સંચાલક મારફતે પણ નોંધણી કરાવી શકશે.

. . . . . . . . . . .

# LEARNING LICENSE

રાજ્યમાં હવે અરજદારો ફેસલેસ લર્નિંગ લાયસન્સની સેવા આધાર બેઈઝ્ડ E-KYC દ્વારા મેળવી શકશે. રાજ્ય સરકારના આ નિર્ણય બાદ અરજદારો હવે ઘરે બેઠા ઑનલાઈન અરજી કરીને લર્નિંગ લાયસન્સ મેળવી શકશે તેમ વાહન વ્યવહાર કમિશનરની કચેરીની યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યભરમાં વાહન વ્યવહાર કમિશનરની કચેરી દ્વારા ગઈકાલથી આ નવી પદ્ધતિ અમલી બનાવવામાં આવી છે. ઉપરાંત નૉન ફેસલેસ અરજી કરવા માંગતા અરજદારોએ R.T.O, A.R.T.O, I.T.I., પૉલિટૅકનિક કચેરી ખાતે લર્નિંગ લાયસન્સની અરજીની ચકાસણી તથા ટેસ્ટની કામગીરી માટે રૂબરૂ મુલાકાત લેવાની રહેશે.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

હવામાન વિભાગે આવતીકાલે નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની આગાહી કરી છે. દરમિયાન રાજ્યમાં આજે સવારે છ-થી સાંજે છ વાગ્યા સુધીમાં 103 તાલુકામાં વરસાદ થયાના અહેવાલ છે. સૌથી વધુ સવા બે ઈંચ જેટલો વરસાદ તાપીના કુકરમુંડા તાલુકામાં નોંધાયો છે. આ સાથે જ રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ કુલ 47 ટકા જેટલો વરસાદ થયો છે.

દરમિયાન રાજ્યમાં અત્યાર સુધી વરસાદના કારણે ફસાયેલા ચાર હજાર 278 લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું છે. જ્યારે 687 લોકોને બચાવવામાં આવ્યા છે. તો રાજ્યમાં આજે બપોરે 2 વાગ્યાની સ્થિતિએ 92 માર્ગ વાહન વ્યવહાર માટે બંધ છે. બીજી તરફ, હવામાન વિભાગે આગામી 12 જુલાઈ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે.

. . . . . . . . . . .

# RAIN - OVER ALL

રાજ્યમાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે.

બોટાદના બરવાળા પંથકમાં આજે 4 દિવસના વિરામ બાદ વરસાદ વરસ્યો. અમારા પ્રતિનિધિ પ્રકાશ ભિમાણી જણાવે છે, બરવાળાના કુંડળ,

રોજીદ, રામપરા, કાપડીયાળી, ખમીદાણા સહિતના ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદ થયો.

સુરેન્દ્રનગરમાં બપોર બાદ વાતાવરણમાં પલટો આવતા વઢવાણ, મૂળી, થાનગઢ, લખતર, લીંબડી, ચુડા અને ચોટીલા સહિતના પંથકમાં હળવોથી માધ્યમ વરસાદ થયો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે રાજ્યભરમાં નુકસાનગ્રસ્ત થયેલા માર્ગોનું તાત્કાલિક ધોરણે સમારકામ કરવા અધિકારીઓને સૂચન કર્યું હતું. તેમના આદેશ બાદ આજે અનેક જિલ્લાઓમાં સમારકામ હાથ ધરાયું.

ડાંગમાં સતત વરસાદને કારણે અસરગ્રસ્ત રસ્તા અને પુલનું માર્ગ મકાન વિભાગ દ્વારા સમારકામ કરવામાં આવી રહ્યું છે.

તો કચ્છમાં ગઢશીશા-મઉ-કોટડી મહાદેવપુરી રસ્તા ઉપર આવેલા પોલડીયા ગામના માર્ગનું સમારકામ કરી તેને ફરી ખુલ્લો કરાયો.

તો સાબરકાંઠાના ઇડર અને સુરેન્દ્રનગરમાં પણ રસ્તાઓનું સમારકામ, તેમજ મેટલવર્ક સહિતના કામ કરવામાં આવી રહ્યા છે.

અમદાવાદમાં પણ રાષ્ટ્રીય રાજમાર્ગ 47 પર વરસાદથી પ્રભાવિત થયેલા સાડા દસ કિલોમીટર સુધીના રસ્તાના સમારકામનું કામ પૂર્ણ કરાયું.

. . . . . . . . . . .

# BOTAD - DAM

બોટાદમાં વરસાદના કારણે તળાવ, ચેકડેમ સહિત ડેમ ઓવરફ્લો થયા છે, જિલ્લામાં આવેલ 9 ડેમમાં આશરે 75 ટકા પાણીનો જથ્થો છે,

જ્યારે 4 ડેમ ભયજનક સપાટી પર છે. પાણીની સારી આવકના કારણે આગામી વર્ષમાં સિંચાઈ  સરળતાથી થઈ શકશે.

આ અંગે સિંચાઇ વિભાગના કાર્યપાલક ઇજનેર યશ પટેલે માહિતી આપી....

(બાઇટ- યશ પટેલ, કાર્યપાલક ઇજનેર, સિંચાઇ વિભાગ)

. . . . . . . . . . .